# ‘સન્નારી’ માટે મુખપૃષ્ઠ તસ્વીર, પ્રતિભાવ, સૂચનો વગેરે ઇ મેઇલ પર પણ મોકલી શકો છો

વાચકો, આપ તમારા પ્રતિભાવો, ‘સન્નારી’ અંગેનાં કોઇ સૂચનો, ‘સન્નારી’ને અનુરૂપ કોઇ પણ લખાણ અને મુખપૃષ્ઠ તસવીર નીચે આપેલા ઇમેઇલ એડ્રેસ પર પણ મોકલી શકો છો. આ ઉપરાંત તમે મોકલતા આવ્યા છો એમ પત્ર દ્વારા તો કંઇ પણ મોકલી જ શકો છો. તમારી સરળતા માટે આ વધારાની સુવિધા કરવામાં આવી છે.

- વાચકોને ખાસ વિનંતી કે પોતાનું લખાણ ટૂંકાણમાં જ મોકલે. ઘણા વાચકોનું લખાણ લાંબુ હોવાથી પૂરતો ન્યાય આપી શકાતો નથી.
- તમારી તસવીર ઊભી ફ્રેમમાં, બેકગ્રાઉન્ડ પ્લેઇન અને અવનવી અદામાં હોવી જરૂરી છે. આથી એકલાં નાના બાળકોના ફોટા મોકલશો નહીં.
- તમારી તસવીરની ઇમેજ સાઇઝ ૮’’ x ૧૨’’ હાઇ રેઝોલ્યુશન 300 DPIમાં મોકલશો જેથી એન્લાર્જ કરતી વખતે મુશ્કેલી ન પડે અને ફાઇલ સાઇઝ 10MB થી વધુ હોવી જોઇએ નહીં.
- તમારા ફોટાગ્રાફ અને લખાણ સાથે તમારું નામ, સરનામું, કોન્ટેક્ટ નંબર લખવાનું ભૂલશો નહિ.

-સંપાદક

Email: sannari@gujaratmitra.in

## સપ્તાહની તસવીર



ગણેશોત્સવ નિમિત્તે ‘સન્નારી’ના મુખપૃષ્ઠ પર પ્રકાશિત થયેલી તસવીર **કાજલ ગોસ્વામીની** છે. એમણે જનરલ નર્સિંગ એન્ડ મિડવાઇફરી (GNM) નર્સિંગનો કોર્ષ કર્યો છે અને સર્ટિફાઇડ ફિટનેસ કોચ છે. કાજલને બાઇક રાઈડીંગ અને નવાં નવાં સ્થળોએ ફરવાનો શોખ છે. કાજલ ફેશન મોડેલ અને ફિટનેસ ઈન્ફ્લુએન્સર છે.



# પ્રિય સન્નારી



કેમ છો? મજામાં ને?

પહેલા જન્માષ્ટમી અને પછી ગણપતિ બાપ્પાના આગમન થતાંની સાથે હિંદુ તહેવારોની શરૂઆત થઇ જાય છે. જેમ કે શ્રાવણ મહિનો બેસતાંની સાથે દેવાધિદેવ મહાદેવની પૂજા- અર્ચના શરૂ થાય છે. શ્રાવણ મહિનામાં જ જન્માષ્ટમી અને ત્યાર બાદ ગણપતિ બાપ્પા મોરિયાના નાદથી ગલીઓ ગુંજવા લાગે છે. ત્યાર પછી આવે છે નવરાત્રી, દશેરો અને પછી દિવાળી. આપણે દરેક તહેવારો ઉત્સાહ અને આનંદથી ઉજવીએ છીએ પરંતુ આપણા તહેવારો ઉજવવા પાછળનો હેતુ કે તેમાં રાખવામાં આવતા ઉપવાસ પાછળ કયું વૈજ્ઞાનિક કારણ છે તેની આપણને ખબર છે? શું આજની જનરેશનને આ તહેવારો પાછળની વાર્તા વિશે ખબર હોય છે? કદાચ, ના. ઘણા ઓછાને આપણી પૈરાણિક કથાઓ, રામાયણ અને મહાભારત વિશે જાણકારી હશે. શું આપણી આવનારી પેઢીને આપણી સંસ્કૃતિ વિષે જ્ઞાન આપવાનો, ઉપવાસ કરવા પાછળની સાચી સમજ આપવાની આપણી ફરજ નથી?

આપણા દરેક તહેવારો પાછળ કોઈ ને કોઈ હેતુ કે કોઈ વાર્તા રહેલી હોય છે, દરેક આરાધ્ય દેવ આપણને કંઈ ને કંઈ શીખવે છે. વારતહેવારે રાખવામાં આવતા ઉપવાસ પાછળ વૈજ્ઞાનિક કારણ છુપાયેલાં હોય છે. જેમ કે, જન્માષ્ટમી પર મધરાતે કૃષ્ણ જન્મ વખતે આપણે જાગ્રત રહી શકીએ અને શ્રી કૃષ્ણ પ્રત્યેની આપણી શ્રદ્ધા વ્યક્ત કરી શકીએ તે માટે જન્માષ્ટમીનો ઉપવાસ રાખવાનો મહિમા છે. નવરાત્રી દેવી અંબાના નવ સ્વરૂપોની આરાધના કરવા માટે થાય છે, તેમાં દૈવી સ્ત્રીત્વની પૂજાનો મુખ્ય ઉદ્દેશ્ય રહેલો છે. ગુજરાતના લોકનૃત્ય ગરબા શબ્દ પાછળ રહેલો ગૂઢાર્થ ‘ગર્ભ’ થાય છે. પરંપરાગત રીતે, આ નૃત્ય અંદર એક દીવો મૂકેલા છિદ્રોવાળા માટીના વાસણની ગોળ ફરતે કરવામાં આવે છે જે જીવન અને શરીરમાં રહેતી દૈવી ઊર્જાના પ્રતીક સમાન છે. દેવી દુર્ગાના મહિસાસુર સાથે નવ દિવસ ચાલેલા યુદ્ધના પ્રતીકરૂપે નવ દિવસની નવરાત્રી ઉજવવામાં આવે છે અને અંતે ૧૦ મા દિવસે એટલે કે દશેરાના દિવસે તેમનો વિજય થાય છે. આ ઉપરાંત, ભગવાન શ્રી રામે પણ રાવણ સાથે યુદ્ધ કરતા પહેલાં મા દુર્ગાની નવ દિવસ સુધી પૂજા કરી હતી અને ૧૦ મા દિવસે રાવણવધ કર્યો હતો. આમ, આ કારણસર પણ દશેરાની ઉજવણી કરવામાં આવે છે. તહેવારો સાથે થતાં ઉપવાસ આપણી આંતરિક શક્તિ અને મનોબળ મજબૂત કરવા ઉપરાંત ઈશ્વર પર આપણું સમગ્ર ધ્યાન કેન્દ્રિત કરવાના હેતુસર કરવામાં આવે છે. ‘ઉપ’ એટલે નજીક અને ‘વાસ’ એટલે રહેવું. આમ, ઉપવાસ એટલે ફક્ત ભોજન ન લેવું એ નથી પરંતુ આપણી દરેક ઈન્દ્રિયોને પોતાનામાં સમાવીને કેન્દ્રિત કરવાની અને એ રીતે ઈશ્વરની વધારે સમીપ રહેવાની પ્રક્રિયા છે. તેની પાછળ વૈજ્ઞાનિક કારણ એ પણ છે કે ઉપવાસ કરવાથી આપણા શરીરમાં રહેલી અશુધ્ધિઓનો નાશ પણ થાય છે. આમ, ઉપવાસ એ શારીરિક અને માનસિક શુધ્ધિકરણની પ્રક્રિયા છે. આપણા તહેવારો કંઈ ફક્ત આનંદ અને મોજમજા કરવા માટેના નથી. તે આપણને જન્માષ્ટમી પર કૃષ્ણની જેમ જીવમાત્રને પ્રેમ કરવાનું શીખવે છે, નવરાત્રીમાં અનિષ્ટની સામે લડત આપવાની હિંમત આપે છે, ગણેશચતુર્થી પર જ્ઞાનસાગરમાં ડૂબકી લગાવવાની અને જીવનને સંતોષપૂર્વક જીવવાની પ્રેરણા આપે છે. દિવાળી આપણા અંતરનો અંધકાર દૂર કરીને પ્રકાશ તરફ લઈ જાય છે. આપણા તહેવારો એક રીતે આપણને જીવન જીવવાની કળા શીખવે છે પરંતુ અહીં એક વાતનો અફસોસ થાય છે કે આજની જનરેશન તેમની પાછળ રહેલી વાર્તા, તેમને ઉજવવા પાછળના ઉદ્દેશ્યથી અજાણ હોય છે.

આજની જનરેશન આપણી સંસ્કૃતિથી અજાણ છે તો તેમાં આપણે તેમનો વાંક ન કાઢી શકીએ. એ ભૂલ માતાપિતા તરીકે આપણી છે. શું આપણે ક્યારેય તેમને આ વિશે વાત કરી છે? શું બાળપણમાં આપણે ક્યારેય તેમને રામાયણ - મહાભારતની વાર્તાઓ કહી છે? ના. તો પછી તેમને આપણી સંસ્કૃતિથી કોણ અવગત કરાવશે? વળી, આ બાબતમાં શાળાઓ પણ રસ ધરાવતાં વિદ્યાર્થીઓ માટે એક્સ્ટ્રા કલાસ ચલાવીને પોતાનો ભાગ ભજવી શકે છે. ઉપરાંત મોબાઈલ અને ઈન્ટરનેટના યુગમાં આપણને ઘણી પૌરાણિક કથાઓવાળા એનીમેટેડ વિડિયોઝ પણ મળી રહે છે. નાનાં બાળકોને કાર્ટૂન્સ જોવાનું આમ પણ ગમતું હોય છે. તેઓ આક્રમક અને અર્થહીન કાર્ટૂન્સ જુએ એના કરતાં આપણી સંસ્કૃતિ સાથે સંબંધિત કાર્ટૂન્સ બતાવવાથી તેમનો તેમાં રસ વધશે અને આપણાં મૂલ્યોનું સિંચન પણ થશે. આપણે જાણીએ છીએ કે દુનિયાના દરેક દેશો પોતાના દેશની સંસ્કૃતિનું શિક્ષણ આપે જ છે. આપણે બાળકોને મંદિર જતાં, પૂજા કરતાં, ઉપવાસ કરવાનું , તહેવારોની ઉજવણી કરવાનું એ બધું શીખવીએ છીએ પરંતુ તે કયા હેતુસર કરવામાં આવે છે? તહેવારોની ઉજવણી અને ઉપવાસ કરવા પાછળનો ગૂઢાર્થ શો હોય છે તે ક્યારેય સમજાવતા નથી. બાળકોને જો તાર્કિક રીતે સમજાવવામાં આવે તો તેઓ આપણી વાત ચોક્કસ સમજે છે કારણ કે તેમને દરેક કાર્ય કરવા પાછળનો તર્ક સમજવો હોય છે અને જો તેમને આ શિક્ષણ પહેલાંથી આપવામાં આવે તો તેઓ આપણી સંસ્કૃતિના મૂળને જાણી શકશે અને તેની સાથે કાયમ જોડાઈને રહેશે. બરાબર ને? તમને શું લાગે છે? આ વિષે તમારા વિચારો ચોક્કસ જણાવજો.

આવજો... ફરી મળીશું આવતા સપ્તાહે. - સંપાદક

